# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


જા.નં. મા-૨/૨૦૨૬/12480 તા.૦૮/૦૯/૨૦૨૬ 11/09

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત-જિલ્લો: સુરત

**વિષય :** **National Scholarship Portal (NSP)** પર શૈક્ષણિક વર્ષ 2026-27થી અમલમાં આવેલ **"One Student- Multiple Scholarship"** અંગે શાળાઓએ અમલ કરવાનો રહેશે.

**સંદર્ભ:** કમિશ્નર શાળાઓની કચેરી ગાંધીનગર નો પત્ર ક્રમાંક **COS/0081/09/2026** તા.08/૦9/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે **National Scholarship Portal (NSP)** પર શૈક્ષણિક વર્ષ 2026-27થી વિદ્યાર્થીઓ માટે **"One Student-Multiple Scholarship"**ની સુવિધા/જોગવાઇ અમલમાં મૂકવામાં આવી છે.આ જોગવાઇ મુજબ, સંબંધિત યોજનાની પાત્રતા અને નિયમોને આધીન રહીને વિદ્યાર્થી એક **Merit-based Scholarship Scheme** તથા એક અથવા વધુ **Welfare-based Scholarship Schemes** માટે અરજી કરી શકશે.

આથી આપની શાળાના તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને આ અંગે જરૂરી જાણકારી આપવામાં આવે તેમજ પાત્ર વિદ્યાર્થીઓને **National Scholarship Portal** પર પોતાની પાત્રતા ચકાસી સમયમર્યાદામાં યોગ્ય શિષ્યવૃત્તિ માટે અરજી કરવા માર્ગદર્શન આપવાનું રહેશે.

વિદ્યાર્થીઓએ અરજી કરતી વખતે સંબંધિત શિષ્યવૃત્તિ યોજનાની પાત્રતા, જરૂરી દસ્તાવેજો તથા અન્ય નિયમોનું પાલન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પણ પાત્ર વિદ્યાર્થીઓની અરજીઓની ચકાસણી અને જરૂરી કાર્યવાહી સમયસર પૂર્ણ કરવા તમામ શાળાઓને જણાવવામાં આવેછે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

બિડાણ:- સંદર્ભ પત્રની નકલ

Scanned with OKEN Scanner

o: COS/0081/09/2026 Approved Date: 08-09-2026 14:10

Amou
૨૬મ

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિ.તમામ

વિષયઃ National Scholarship Portal (NSP) પર શૈક્ષણિક વર્ષ 2026-27થી અમલમાં આવેલ "One Student – Multiple Scholarships" અંગે શાળાઓમાં જાણકારી આપવા બાબત.

સંદર્ભઃ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ઉચ્ચતર શિક્ષણ વિભાગ, Scholarship Division, નવી દિલ્હીનો તા. 19-06-2026નો પત્ર.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ 2026-27થી National Scholarship Portal (NSP) પર અગાઉના "One Student – One Scholarship"ના બદલે "One Student – Multiple Scholarships"નું માળખું અમલમાં મૂકવામાં આવેલ છે. તે મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થી Merit-based Scholarship સાથે એકથી વધુ Welfare-based Scholarships મેળવી શકશે. NSPની અરજી તથા ચકાસણી પ્રક્રિયામાં પણ જરૂરી ફેરફારો કરવામાં આવેલ છે.

આથી, આપના હસ્તકની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને તાત્કાલિક જાણ કરી, પાત્ર વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઉપરોક્ત સુધારેલ Scholarship Framework, પાત્રતા તથા અરજી પ્રક્રિયા અંગે જરૂરી માર્ગદર્શન આપવા અને પાત્ર વિદ્યાર્થીઓની NSP પર સમયસર અરજી થાય તે સુનિશ્ચિત કરવા જણાવશો.

કોઈ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે શિષ્યવૃત્તિના લાભથી વંચિત ન રહે તે માટે શાળા કક્ષાએ જરૂરી પ્રચાર-પ્રસાર તથા કાર્યવાહી કરવા ખાસ સૂચના આપશો.

બિડાણઃ ઉપરોક્ત સંદર્ભિત પત્રની નકલ.

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા,ગાંધીનગર

10/9

Validity unknown
Signed by : SanjayKumar Patel
Deputy Director
Commissionerate of Schools
Date : 2026.09.10 11:25:14 IST

File No: COS/MIS/e-file/276/2026/0099/SECONDARY
Approved By: Joint Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner